# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-07-2024 સવાર : 7.45 થી 7.55

વાર : મંગળવાર

### આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

******************************************************

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણ આજે સાતમી વખત બજેટ રજૂ કરશે
- ✓ સસંદમા ગઇકાલે રજૂ થયેલા આર્થિક સર્વેક્ષણમાં જી.ડી.પી.ના વધારાના અનુમાનને ઉદ્યોગ ક્ષેત્રે આવકાર્યા
- ✓ NEET-UG પરીક્ષામાં ફિજિકસના એક પ્રશ્નના જવાબમાં બંને સાચા વિકલ્પોને ધ્યાનમાં લેવાના NTAના નિર્ણય પર નિષ્ણાત પેનલનો સુપ્રીમ કોર્ટે અભિપ્રાય માંગ્યો
- ✓ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ અનામતને લઈને ભડકેલી હિંસા માટે વિપક્ષોને જવાબદાર ઠેરવ્યા
- ✓ શ્રીલંકામાં ચાલી રહેલી મહિલા એશિયા કપ ક્રિકેટમાં આજે ભારત અને નેપાળ વચ્ચે મુકાબલો ..

******************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BUDGET

નાણામંત્રી નિર્મલા સિતારામન આજે સંસદમાં કેન્દ્રીય બજેટ 2024-25 રજૂ કરશે. કેન્દ્રીય નાણા મંત્રી સિતારામન સતત સાતમું બજેટ રજૂ કરશે.. સવારે અગિયાર વાગે તેઓ લોકસભામાં આ બજેટ રજૂ કરશે..

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2019 માં સતત બીજી વખત કેન્દ્રમાં સરકાર બનાવી ત્યારે સીતારામનને ભારતના પ્રથમ પૂર્ણ-સમયના મહિલા નાણાં પ્રધાન બનાવાયા હતા.. તેમણે આ વર્ષે ફેબ્રુઆરીમાં વચગાળાના બજેટ સહિત અત્યાર સુધીમાં સતત છ બજેટ રજૂ કર્યા છે. જોકે દેશમાં સૌથી વધુ વખત મોરારજી દેસાઈ બજેટ રજૂ કર્યા હતા.

# ECONOMIC SURVAY

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારામણે ગઇકાલે સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું હતું. જેમાં  નાણાકીય વર્ષ 2024-25માં 6.5 થી 7 ટકાના વાસ્તવિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ -GDP વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે. નાણા પ્રધાન નિર્મલા સિતારામણે સંસદમાં રજૂ કરેલા સર્વે અનુસાર, તેમણે જણાવ્યું હતું કે અનિશ્ચિત વૈશ્વિક આર્થિક સ્થિતિ વચ્ચે પણ  સ્થાનિક વૃદ્ધિના પરિણામે  નાણાકીય વર્ષ 2023-24માં આર્થિક વૃદ્ધિને ટેકો મળ્યો છે..

રિઝર્વબેંક ઓફ ઈન્ડિયાએ  નાણાકીય વર્ષ 2025માં ફુગાવો 4.5 ટકા અને નાણાકીય વર્ષ 2026માં 4.1 ટકા રહેવાનું અનુમાન કર્યું છે. નાણાકીય વર્ષ 2026 સુધીમાં ભારતની રાજકોષીય ખાધ જીડીપીના 4.5 ટકા અથવા તેનાથી ઓછી થવાની ધારણા પણ આર્થિક સર્વેક્ષણમાં રજૂ કરવામા આવી છે..

# EMPLOYMENT RATE

કેન્દ્ર સરકારે કહ્યું છે કે તાજેતરના વર્ષોમાં દેશમાં બેરોજગારીનો દર ઘટી રહ્યો છે. લોકસભામાં એક લેખિત જવાબમાં, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ જણાવ્યું હતું કે વાર્ષિક સામયિક શ્રમ દળ સર્વેક્ષણ અહેવાલો અનુસાર, 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ માટે અંદાજિત બેરોજગારીદર 4.2 ટકા હતો. વર્ષ 2020-21, 2021-22માં 4.1 અને 2022-23 દરમિયાન 3.2 ટકા રહ્યો હતો..

# ECO SURYVAY WELCOME

ઓલ ઈન્ડિયા એસોસિએશન ઓફ ઈન્ડસ્ટ્રીઝે કહ્યું છે કે, ઈકોનોમિક સર્વેમાં આ વર્ષ માટે 6.5-7 ટકાના જીડીપી વૃદ્ધિના અનુમાનથી ભારતીય અર્થતંત્રને આશા જાગી છે. એસોસિએશનના પ્રમુખ, ડૉ. વિજય કલંત્રીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સર્વેક્ષણે MSMEsને અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે યોગ્ય લેખાવ્યા છે અને MSME ક્ષેત્રના નિયંત્રણ મુક્ત અને ડિજિટાઇઝેશન પર ભાર મૂકવાની બાબતને આવકારી હતી..

ડૉ. કલંત્રીએ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા કૃષિ, MSME, ખાનગી રોકાણ, ગ્રીન ટ્રાન્ઝિશન ફાઇનાન્સિંગ, શિક્ષણ-રોજગાર જેવા છ ક્ષેત્રો પર યોગ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે સરકારની પ્રશંસા કરી હતી.

# COAL PRODUCTION

સરકારે કહ્યું કે 2023-24માં દેશના સ્થાનિક કોલસાના ઉત્પાદનમાં 11.65 ટકાનો વધારો થયો છે. કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી.કિશન રેડ્ડીએ રાજ્યસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે દેશમાં કોલસાનું ઉત્પાદન 2023-24માં 997.26 મિલિયન ટન પર પહોંચ્યું હતું, જે અગાઉના વર્ષના 893.19 મિલિયન ટન હતું. મંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે દેશમાં કોલસાની વાસ્તવિક માંગ પાછલા વર્ષની સરખામણીમાં વધીને 1 હજાર 233.86 મિલિયન ટન થઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે દેશમાં કોલસાની મોટાભાગની માંગ સ્વદેશી ઉત્પાદન અને પુરવઠા દ્વારા સંતોષાય છે. શ્રી રેડ્ડીએ પ્રકાશ પાડ્યો કે અંદાજિત કોલસાની માંગ 2029-30 સુધીમાં 1.5 અબજ ટન સુધી વધશે. તેમણેકહ્યું કે સરકારે સ્થાનિક કોલસાના ઉત્પાદનમાં વધારો કરવા અને દેશમાં કોલસાની બિન-આવશ્યક આયાતને દૂર કરવા માટે ઘણા પગલાં લેવાના શરૂ કર્યાં છે.

# SC NEET IIT

સુપ્રીમ કોર્ટે, IIT દિલ્હીને આ વર્ષની NEET-UG પરીક્ષામાં ફિઝિક્સના એક પ્રશ્નના જવાબમાં બંને સાચા વિકલ્પોને ધ્યાનમાં લેવાના નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના નિર્ણય પર પોતાનો અભિપ્રાય આપવા માટે એક નિષ્ણાત પેનલ બનાવવા જણાવ્યું છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની અધ્યક્ષતાવાળી બેન્ચે ડી.વાય. ચંદ્રચુડે, નિષ્ણાત ટીમને આજે બપોરે 12 વાગ્યા સુધીમાં સર્વોચ્ચ અદાલતના રજિસ્ટ્રારને પોતાનો અભિપ્રાય મોકલવાનો નિર્દેશ આપ્યો હતો.

બેંચે, NEET-UG પરીક્ષાના સંચાલનમાં અનિયમિતતાનો આક્ષેપ કરતી, વિવાદાસ્પદ ફિઝિક્સના પ્રશ્નના સંદર્ભમાં ગ્રેસ માર્ક્સ આપવા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમાં ઉમેર્યું હતું કે 44 ઉમેદવારોએ ફિઝિક્સના અસ્પષ્ટ પ્રશ્નના કારણે, તે પ્રશ્ન માટે પૂરા માર્કસ મેળવ્યા હતા. બેંચે દલીલ રજૂ કરી હતી કે વિવાદાસ્પદ પ્રશ્નના સંદર્ભમાં ભૂલના બદલેવળતરના ગુણ આપવાનો NTAનો નિર્ણય, તેની પોતાની કાર્ય પ્રણાલીની વિરુદ્ધ હોવાનું જણાવ્યું હતું. NTA વિદ્યાર્થીઓને નવીનતમ NCERT પાઠ્યપુસ્તકને અનુસરવાનું કહેવામાં આવે છે. આ તમામ મામલે આજે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો...

# BANGLADESH-PM-VIOLENCE.RTF

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ દેશભરમાં સરકારી નોકરીઓમાં આરક્ષણને લઈને ભડકેલી હિંસા માટે તેમના રાજકીય વિરોધીઓને દોષી ઠેરવ્યા છે. અત્યાર સુધીમાં આ હિંસામાં ઓછામાં ઓછા 147 લોકોમાર્યા ગયા છે.

રાજધાની ઢાકામાં બિઝનેસ લીડર્સને સંબોધતા સુશ્રી હસીનાએ કહ્યું કે દેશની સ્થિતિ જયારે સુધરશે ત્યારે કર્ફ્યુ હટાવી લેવામાં આવશે. તેઓએ નાગરિકોના જીવન અને સંપત્તિની સુરક્ષા માટે કર્ફ્યુ લાદવાની ફરજ પડી હોવાનું જણાવ્યું હતું દેશની સર્વોચ્ચ અદાલતે ગત રવિવારે એક ચુકાદામાં મોટાભાગના ક્વોટાને રદ કરવા સંમત થયાના એક દિવસ પછી સુશ્રી હસીનાએ આ ટિપ્પણીઓ આપી હતી. પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણ બાદ કોર્ટે આ નિર્ણય લીધો છે.

# TELANGANA-HEALTH

તેલંગાણા સરકારે રાજ્યમાં રવીજ આરોગ્યશ્રી આરોગ્ય યોજનામાં વધુ 163 તબીબી સેવાઓ ઉમેરવાની જાહેરાત કરી છે. આ 163 તબીબી સેવાઓમાં 98 સેવાઓ આયુષ્માન ભારત યોજના દ્વારાઅને 65 રાજ્ય સરકારની આરોગ્ય શ્રી નેજા હેઠળ આ તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

રાજ્યના આરોગ્ય મંત્રી સી.દામોદર રાજ નરસિમ્હાએ આ યોજનાને અમલમાં મૂકવા માટે હોસ્પિટલોને આપવામાં આવતા પેકેજમાં 20 ટકાના વધારાની સાથે આ જાહેરાત કરી હતી. આ ઉમેરાયેલી સેવાઓની  સંખ્યાની સાથે તેના માટે સમય મર્યાદા વધારવાથી સરકારની તિજોરી પર 487 કરોડનો બોજ પડશે. આ ખર્ચને પહોંચી વળવા માટે સરકારે બજેટમાં54 ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

# REV.ASIA CUP CRICKET

મહિલા એશિયા કપ ક્રિકેટમાં આજે સાંજે શ્રીલંકાના દામ્બુલા ખાતે ગ્રુપ Aના મુકાબલામાં ભારતીય ટીમ નેપાળ સામે ટકરાશે. મેચ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે. ટીમ ઈન્ડિયા હાલમાં ગ્રુપ Aના પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતની મહિલા ટીમે પાકિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાત સામેની તેમની અગાઉની મેચો જીતી છે. બીજી તરફ, નેપાળે ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં UAEને હરાવ્યું હતું. તેઓ આગામી મેચમાં પાકિસ્તાન સામે હારી ગયા હતા.

આજે અન્ય મેચમાં પાકિસ્તાન UAE સાથે બપોરે 02:00 વાગ્યે ટકરાશે.. ગઈકાલે ગ્રુપ બીની મેચમાં , યજમાન શ્રીલંકાએ મલેશિયાને 144 રનથી હરાવ્યું હતું. બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 184 રન બનાવ્યા હતા. જવાબમાં, મલેશિયામાત્ર 40 રન બનાવી શક્યું હતું ગ્રુપ બીની અન્ય એક મેચમાં બાંગ્લાદેશે થાઈલેન્ડને 7 વિકેટે હરાવ્યું હતું. બાંગ્લાદેશે 97 રનનો ટાર્ગેટ 17.3 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને સરળતાથી મેળવી લીધો હતો. પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કરતા, થાઈલેન્ડની મહિલા ટીમે 20 ઓવરમાં નવ વિકેટે 96 રન બનાવ્યા હતા.

# MORN. CHINA FLOODS

ચીનમાં, દક્ષિણ-પશ્ચિમ સિચુઆન પ્રાંતમાં વરસાદથી સર્જાયેલા પૂરમાં મૃત્યુઆંક વધીને 14 થઈ ગયો છે. ગઈકાલે સાંજે, સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં 14 મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે 25 લોકો હજુ પણ ગુમ છે. બચાવ કર્મચારીઓ ડ્રોન, સ્નિફર ડોગ્સ અને લાઈફ ડિટેક્ટર સાધનોની મદદથી ગુમ થયેલા લોકોને શોધી રહ્યા છે.

આ દુર્ઘટના શનિવારે વહેલી સવારે થઈ હતી, જ્યારે ભારે વરસાદને કારણે સ્થાનિક નદીમાં અચાનક પૂર આવ્યું હતું. યાઆન સિટીના હાન્યુઆન કાઉન્ટીમાં આવેલા સિન્હુઆ ગામમાં 40 થી વધુ મકાનો ક્ષતિગ્રસ્ત બન્યા છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર, પૂર્વોત્તર, મધ્ય અને પશ્ચિમના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી ભારે વરસાદ પડી શકે છે, જ્યારે બાકીના ભાગોમાં ગુરુવાર સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે  જણાવ્યું હતુંકે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ઉચ્ચ ભેજ સાથે સામાન્ય તાપમાન વધુ રહેવાની શક્યતા છે.

# MANDAVIYA- ABHINAV

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ શૂટર અભિનવ બિન્દ્રાને ઓલિમ્પિકમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ઓલિમ્પિક ઓર્ડર એનાયત કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. માંડવિયાએ કહ્યું કે તેમની સિદ્ધિએ દેશને ગૌરવ અપાવ્યું છે, શ્રી.અભિનવ બિન્દ્રાનું સન્માનના હકદાર હોવાનું તેમણે જણાવ્યુ હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શ્રી. અભિનવ બિન્દ્રાનું શાનદાર પ્રદર્શન નવી પેઢીના શૂટર્સ અને ઓલિમ્પિયન માટે પ્રેરણારૂપ બની રહશે.